શ્રી આનન્દઘન બહોતેરી

નો

બાલાવબોધ.

શ્રી આનન્દઘન મહારાજને ત્રિકરણે, પૂર્ણપણે, શરણાંગત થએલા તેમના એક નાનામાં નાના બાળ

આનન્દનંદન

લાલનને

તેમણે અમેરિકામાં કરેલો ઉપદેશ.

અમદાવાદ.

શ્રી "જૈન" પ્રિન્ટિંગ પ્રેસ.

કિંમત ૦—૧—૦.

आनन्दघन बहोतेरी

बालावबोध.

પ્રથમપદ—રાગ વેરાવલ.

क्या सोवे उठ जाग बाउरे,
अंजलिजल ज्यु आयु घटतहे,
देत पहोरियां घरिय घाऊरे ॥ क्या १ ॥

भावार्थः—ગુરૂ મહારાજ શ્રી **આનન્દઘન** પોતાના પુત્ર **આનન્દ નંદન (લાલન)** રૂપ અજ્ઞાની જીવને ઉપદેશ કરેછે; હે મોહનિદ્રામાં ઉંઘનારા બહાવરા **લાલન** ઉંઘ્યા શું કરે છે? ઉઠીને જો તો ખરો કે જેમ ચાંગળામાં લીધેલું પાણી આંગળીઓના છિદ્રોમાંથી, વહ્યું જાય છે તેમ તારા શરીરરૂપ ચાંગળામાંથી મનરૂપ હથેળીમાં થઇ ઇંદ્રિયોરૂપી વિવરમાંથી તારૂં આઉખારૂપ જલ ચાલ્યું જઇ રોજ રોજ ઘડી ઘડી ઘટતું જાયછે. અને જોતો ખરો કે, આ ઘડિયળી ઝાલરપર ઘડિયે ઘડિયે ઘા મારીને તને ચેતાવે છે કે, હે **લાલન** હવે જાગ.

પરમાર્થ:—ધન, યૌવન અને સ્ત્રી વગેરેની નાના પ્રકારની વિષય વાસનામાં-સ્વપ્નમાં લુબ્ધ થએલા મોહનિદ્રામાં ઉંઘતા, અજ્ઞાની બહિરાત્મા **લાલન**ને તેના આત્મજ્ઞાનની ઉજાગર દશામાં રહેતા સદ્ગુરુ શ્રી **આનન્દઘન** મહારાજ ઉપદેશ કરે છે કે, માયા, મોહ, અવિદ્યાના[1] આવરણમાં પોતાનાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય, આનન્દ સ્વરૂપને ભૂલી ગએલા બાવરા ભોળા, મૂર્ખ **લાલન** ઉઠ જાગ્રત થા,-સાવધ થા. અને જોનો ખરો કે, તારૂં આયુષ્ય અંજલીમાં લીધેલા પાણીની પેઠે ઘટતું જાય છે. એટલે ચાંગળામાં લીધેલું પાણી આંગળીઓના વિવરોમાંથી વહ્યું જાય, તેમ તાહારૂં આયુષ્યરૂપી જલ દેહરૂપી ચાંગળામાં મનરૂપ હથેલી અને ઇન્દ્રિયોરૂપ છિદ્રમાં થઈ ઘડી ઘડી પળ પળ કરતાં વહ્યું જઈ ઓછું થતું જાયછે. અને તે એટલે સુધી કે, છેવટે આ દેહરૂપી ઘર આયુષ્ય રૂપી જલ વગરનું થઈ ખાલી થઇ જશે. માટે માયાના અંધકારમાં-મોહની નિદ્રામાં ઉંઘતા **લાલન** ! તું જાગ્રત થા, સાવધ થા, અને જો કે ઘડિયાળી ઘડિયાળપર-ઝાલરપર ઘડીએ ઘડીએ ટકોરા વગાડી વગાડી તને ચેતાવેછે કે, એક ઘડી તારા આયુષ્યમાંથી ચાલી, બે ઘડી ચાલી, ત્રણ ઘડી ચાલી, એમ ચેતાવી ચેતાવી તને કહેછે કે, તારા આયુષ્યમાંથી આટલો કાળ ઓછો થયો, માટે હવે ચેત, સાવધ થા.

ભોળા **લાલન** તું કદાપિ એમ ધારતો હશે કે ઘડી ઘડી જઈ કેટલુંક જશે ? પણ એમ નહીં સમજીશ, પળ પળ કરતાં ઘડી ગઈ, ઘડી ઘડી કરતાં પ્રહર ગયા. પ્રહર પ્રહર કરતાં દિવસ, દિવસ દિવસ

---

૧ માયા-અવિદ્યા-પ્રકૃતિ, કર્મ, અજ્ઞાન એ પર્યાય છે. (**હરિભદ્ર** કૃત યોગ **બિન્દુ**.)

કરતાં પક્ષ, પક્ષ પક્ષ કરતાં માસ, માસ માસ કરતાં વર્ષ અને વર્ષ વર્ષ કરતાં *સાડત્રીશ વર્ષ ચાલ્યાં ગયાં, આમ સતત્ ઘટાડો કરનાર કાળની આગળ હજારો ને લાખો વર્ષ ચાલ્યાં ગયાં તો, તારાં સાઠ કે સિત્તેર એ શું હિસાબમાં ગણુતાં[1] ? માટે ભોળા **લાલન** ઉઠ, જાગ, સાવધ થા, અને તારૂં સ્વરૂપ સમજી લે.

> इंद्र चंद्र नागिंद्र मुनींद्र चलै,
> कोण राजापति साह राउरे;
> भमत भमत भवजलधि पायके,
> भगवंत भजन विन भाउ नाउरे ॥ क्या० ॥२॥

ભાવાર્થઃ—દેવોના રાજા ઈંદ્ર મહારાજ, ગ્રહોમાં મુખ્ય ચંદ્રમા, નાગદેવોના અધિપતિ ધરણેંદ્ર મહારાજ, એટલુંજ નહીં પણ તિર્થંકર મહારાજ જેવા તો, અરે **લાલન**, ઘણા ચલ્યા ગયા, તો પછી રાજા રાણા, શેઠ સાહુકાર, બાદશાહ એવા એવા શા લેખામાં ? પૂર્વ પૂર્વના આયુષ્યવાળા ઈંદ્રાદિ, અને હજારો હજારોના આયુષ્યવાળા રાજાઓ

---

* ચિકાગો-અમેરિકામાં આ લેખ લખતી વેળા. ઈ. સ. ૧૮૯૭ માં **લાલન**ને સાડત્રીસ વર્ષ થયાં હતાં.

> १ व्याघ्रीव तिष्ठति जरा परि तर्जयन्ती
> रोगाश्च शत्रव इव प्रहरन्ति देहान्
> आयुः परिश्रवति भिन्न घटा दिवांभो
> लोकस्तथाप्य हित माचरतीतिचित्रं
>
> (भर्तृहरि).

આદિ ચાલ્યા ગયા તો પછી ભોળા **લાલન** તારૂં ૬૦-૭૦ વર્ષનું આયુષ્ય કોણ માત્ર છે? માટે ભોળા **લાલન** તું હવે ચેત અને આ બાકી રહેલા આયુષ્યમાં ભવોભવરૂપ સમુદ્રમાં ભટકતાં ભટકતાં મનુષ્યરૂપ ભવના કિનારાપર આવ્યો છે તો, ત્યાં ભગવાન પરમાત્માના ભજન વિના બીજી કોઈ હોડી **ભાઈ, લાલન** તારે માટે નથી.

परमार्थः—ભોળા **લાલન** તું એમ ધારતો હોઈશ કે આ ગણે મોટી ઉમર થતાં ધર્મ કરીશું, અથવા તું એમ ધારતો હશે કે આપણે શું છે? આપણી પાસે જોઈએ તે છે. કંઈક સારૂં શરીર છે, અને આ અમેરિકામાં કંઈક હવા પણ ઈંડિયા (હિંદુસ્તાન) કરતાં સારી છે, માટે શરીર પણ સુધરતું ચાલ્યુ છે, જોઈએ તેવું સ્વચ્છ ખાવા પીવાનું પણ મળેછે. કંઈક આ લોકોની સાથે "ગોટપિટ" (God-pity) કરતાં પણ આવડે છે. ઈંડિયા-હિંદમાં શાસ્ત્રિયો સાથે **इदं भवति इदं न भवति** પણ આપણાથી થાય છે, દેશીઓને સંસ્કૃત, યુરોપીયનોને કંઈ હિંદુસ્તાની, ઉર્દુ પણ શિખવાય છે. ગાડી ઘોડે બેસાય છે. રેલવે, આગબોટમાં સેકન્ડ ક્લાસમાં મુસાફરી પણ થાય છે, રાત્રિ હોય તો આ "**પુલમેન પેલેશકાર**" માં રાજાઓની માફક શયન કરતાં પણ પ્રવાસ થાય છે, માટે હાલ ધર્મ કરવાની શી જરૂર પડી છે? આમ વિચાર કરતાં **લાલનને** ઉદ્દેશી મહા કરૂણાળુ ગુરૂ મહારાજ **આનંદઘન** દાખલાઓ આપી, તેની બુદ્ધિ ઠેકાણે લાવતા હોયની તેમ કહેછે કે, અરે મૂર્ખા **લાલન** આટલા વિષય સુખમાં અહંકાર શું કરે છે!! રાજા રાણા, શેઠ સાહુકાર, શાહ બાદશાહ તો શું પણ દેવોના રાજા ઇંદ્ર મહારાજ, ગ્રહોના રાજા ચંદ્ર, નાગલોકના રાજા ધરણેંદ્ર, અને મુનિઓના મહારાજા શ્રી તિર્થંકર મહારાજો

પણ ચાલ્યા ગયા તો મ્હારૂં શું ગજું? તારી આ ઋદ્ધિ અને તારૂં બળ શા લેખામાં માટે જાગ્રત થા, ભવોભવ ભટકતાં ભટકતાં આ મનુષ્ય ભવ સમુદ્રને પામ્યો છે, તો તેને તરવાને, શ્રી પરમાત્માના ગુણ કિર્તન વિના, બીજી કોઈ "સ્ટીમર"-નાવ તને તારનાર નથી. માટે, પળ પળ, ઘડી ઘડી, રોજ રોજ સુતાં બેસતાં, હરતાં, ફરતાં, ચાલતાં દોડતાં તું શ્રી ભગવાનના ગુણોનું સ્મરણ કર, અને તેઓનું એવું રટન કર કે તારા આત્મામાં રહેલા, તેવાજ ગુણો પ્રગટ થઈ રહે? આમ કરીશ તો તું ખસુસ સંસાર સમુદ્રનો પાર પામીશ. માટે પ્રભુના ગુણોનું અહર્નિશ ધ્યાન કર. કારણ કે એના વિના સંસાર સમુદ્રને પાર ઉતારનારી બીજી કોઈ સહિસલામત-સ્ટીમર[1]-આગબોટ ભાઇ, લાલન[1] તારે માટે નથી.

---

૧ આ મહા મોટા હિંદી મહાસાગર અને ઉછળતા વિકરાળ આટલાંટિક મહાસાગર જેવા મોટા દરિયા કોઇ મછવાથી અથવા અસલી નાના વહાણોથી, તરવા કેવા અશકય છે! અને હાલના સુધરેલા વખતમાં જાપાન અને પી, કંપનીની સ્ટીમરો પ્રશિયા અને કેલેડોનિયા તેમજ અમેરિકન લાઇનની સેંટપોલ અને સેન્ટલુઈ નામની મોટી સ્ટીમરોથી તેજ મહાસાગરો તરવા કેવા. શકય છે!! તેમ આ ભવસાગર તિર્યંચ આદિના, વહાણોથી, તરવા કેવા મુશ્કેલ હતા! પરન્તુ આ માનવદેહરૂપ, સ્ટીમરથી કેવું સહેલું છે? એ તિર્યંચરૂપી વહાણો બિચારા, વિષય વાસનારૂપી તોફાની પવનોથી, કેવાં આડાં અવળાં ઘસડાઈ જતાં હતાં, પરન્તુ આ માનવશરીરરૂપ, મોટી સ્ટીમરને એ તોફાની પવન કાંઇ નડી શકતા નથી. પૂર્વે લાલનરૂપી વહાણને વિષયવાસનારૂપ પવનો નાશ કરતા. જ્યારે લાલનનો જીવ હાથી નામના તિર્યંચ શરીરમાં હતો, ત્યારે સ્પર્શેન્દ્રી વશ થઈ પોતનો નાશ કરતો અને લાલન તારૂં, તે વખતનું મ્હોટું વહાણ

कहा विलंब करे अब बाउरे,
तरीअ भवजलनिधि पार पाउरे;
आनंदघन चेतन मय मुरति,
शुद्ध निरंजन देव ध्याउरे ॥ क्या० ३ ॥

પણ ભાગી પડ્યું પરન્તુ હાલ સ્વદારા સંતોષવ્રતથી ને પછી સર્વથા બ્રહ્મચર્યથી એ તોફાની પવનો પણ કંઇ નથી કરી શકતા. જ્યારે **લાલન** મત્સ્ય હતો ત્યારે રસેંદ્રીને વશ થઈ, ધીવરના કાંટાના આમિષથી, પોતાનો પ્રાણ ખોતો, પરન્તુ હવે પ્રથમ એક, પછી બે, એમ રસેંદ્રીને વશ કરવા, વિગઇ (વિકૃતિ કરનાર પદાર્થ) બંધ કરી, સહિ સલામત રહી શકે છે. જ્યારે **લાલન** ભ્રમર હતો, ત્યારે ઘ્રાણેંદ્રિના સુગંધી વાસથી, કમળમાં ફસાઈ જતો, પરન્તુ હવે સુવાસ લેવામાં પણ નિયમ કરી શકે છે; જ્યારે પતંગ હતો ત્યારે ચક્ષુ ઇંદ્રિના વિષયરૂપથી, દીપમાં ઝંપાઇ જતો, પરન્તુ હાલ તારી સમક્ષ આ દીવાઓ બળે છે, આ, **પારિસ**, **લંડન**, **ન્યુયોર્ક**, ચિકાગો, **બોસ્ટન**, આદિ સ્વર્ગીય નગરોના દેખાવો પસાર થાય છે. પરન્તુ તેનું રૂપ તને ખેંચી જતું નથી, જ્યારે હરિણ હતો ત્યારે, **લાલન** તું સુસ્વરથી ખેંચાઈ પારધિથી વિનાશ પામતો. પરન્તુ હાલ તેમાં પણ, સનિયમ થાય છે. આમ આ માનવદેહરૂપ સ્ટીમરબોટ જ્યારે આ ભવસાગરમાં ચાલે છે, ત્યારે તેને સ્પર્શેંદ્રિ, રસેંદ્રિ, ઘ્રાણેંદ્રિ, ચક્ષુરિંદ્રિ, અને શ્રોત્રેંદ્રિના વિષયોરૂપી પવનો આડા અવળા, તિર્યંચોરૂપી વહાણની પેઠે લઇ જતાં નથી, ત્યારે હાલ સ્ટીમરને તરતું સહેલું તેમાં શું આશ્ચર્ય ? માટે આ માનવદેહમાં જૈનધર્મ **લાઈન સ્ટીમર કંપનીની** શ્રાવકરૂપ મોટી સ્ટીમરથી ભવસાગર તરવો દુર્લભ લાગતો નથી, વળી એ સ્ટીમરોમાં **હરિભદ્રસૂરી**, **અભયદેવસૂરી**, **હેમચંદ્રસૂરી**, **આનન્દઘન**, અને **ચિદાનંદઘન** જેવા હુંશિયાર કપ્તાન હોય,

ભાવાર્થઃ—અરે ઓ ગાંડા હવે એટલે આ સુલભ[1] એવો મનુષ્યદેહ પામ્યો છે ત્યારે ઢીલ શું કરેછે? હવે તો સંસાર સમુદ્રને સ-

---

અને દાનવિજય, ખાંતિવિજય, નેમવિજય, ધર્મવિજય, હેમવિજય, હંસવિજય, કપૂરવિજય, રાજવિજય, મુક્તિવિજય, ઈંદ્રવિજય કેસરવિજય, અને ચિનયવિજય, જેવા સેલરો હોય તો, પછી શી ચિંતા છે? એટલુંજ નહીં પરન્તુ એ કપ્તાનોની દિર્વદ્રષ્ટિથી, સ્ટીમરમાં રહેલી ધર્મધ્યાનના સુવાયુથી, શુકલધ્યાનની વરાળથી તે અહર્નીશ, વગર અટકયેજ ચાલીજ જાય, તેમાં શી નવાઈ? **લાલન**ને તો આ માનવદેહરૂપ સ્ટીમર, તરવા માટે સાનુકુળ લાગે છે, અને તેજ પ્રમાણે તેના સર્વ માનવબાંધવોને, બેનોને, માતાઓને, પિતાઓને, પુત્રપુત્રીઓને સાનુકુળ થાઓ એજ ભાવના, કારણ કે, **લાલન**ને તેની સાડત્રીસ વર્ષની ઉમરે સકળ માનવ જાતમાં સ્ત્રી જાતિમાં, કોણ સગી માતા, બેન કે પુત્રી અને પુરૂષ જાતિમાં કોણ સગો પિતૃનિર્વિશેષ, સગો બંધુ કે પુત્રરૂપ નથી, અપીતુ સર્વ માનવ જાતનું સગું કુટુંબ આ પૃથ્વીરૂપી નાના ઘરમાં આવી રહ્યું જણાય છે.

લાલનના પિતાશ્રી તિર્થંકરમહારાજને જ્યારે જ્યારે લોકાલોક ભાસ્કરરૂપ કેવળજ્ઞાન થતું-થાય છે અને થશે, ત્યારે ત્યારે એના કિરણોની આભાથી એક જીવે, આમ પણ દેખ્યું અને તે કંઇક **લાલન**ને ઠીક પણ લાગ્યું.

नृदेहे माद्यं सुलभं सुदुर्लभं,
प्लवं सुकल्पं गुरु करण धारं;
मयानु कुलेन नभस्वतेरीतं,
पुमान् भवाब्धिं न तरेत्स आत्महा ॥ १ ॥

ભાવાર્થઃ—આ મનુષ્યરૂપી વહાણ, દુર્લભ પણ સુલભ થઇ પડયું (કારણ કે આ કાળે તે મળ્યું,) તે બીજા બધા દેહરૂપ વહાણો કરતાં આદ્ય-એટલે પહેલા નંબર-ફર્સ્ટ નંબરનું છે, સારા કુવા થંભવાળું છે,

હેલાઇથી તરી જા. અને તે તરવામાં આનન્દનાસમૂહરૂપ કેવળ ચૈતન્યરૂપ એવા નિર્મળ, અને નિર્લેપ એવા દેવાધિદેવવિતરાગનું ધ્યાન ધર.

परमार्थः—હે સંસારી પ્રાણી **લાલન** આ મનુષ્યદેહ પામ્યો છે, તો હવે શો વિલંબ કરેછે ? આ મનુષ્યભવમાં હું તને કહું છું તેમ કરી ભવસમુદ્ર તરી જઇ, તેનો પાર પામી લે-તેનો-છેડો પામી લે-એટલે મોક્ષ પામી લે. એમ કરીશ તો નાના પ્રકારની યોનિરૂપ, એટોમાં વારંવાર ભટકવાનું મટી જશે. વિષય-કષાયનાં તોફાનોથી બચી

મારા શુભધ્યાનરૂપી અનુકુલ પવનથી હંકારાયલું છે, એમ છતાં **લાલન**રૂપ, પુરૂષ આ ભવરૂપ સમુદ્રને ન તરે તો તે આત્મઘાતી છે; પોતાનેજ પોતાની મૂર્ખાઇથી વિનાશ કરનાર છે. માટે હવે ચેતીને ચાલે એવી ભલામણ, પિતૂરત્ન **આનંદઘન** તેને કરતા હોય એમ જણાય છે.

૧ તિર્યંચમાં મૂઢાવસ્થામાં રહ્યો અને કેટલાક દેવોમાં વિષયાશક્ત અવસ્થામાં ગરકાવ પામ્યો પરંતુ મનુષ્ય દેહના કારણરૂપ ધર્મધ્યાન તેઓ બેઉને દુર્લભ, પરન્તુ તને તો આ મનુષ્ય દેહમાં તેઓ કરતાં ઘણુંજ સુલભ છે, અને પુનઃ પણ સર્વે જીવને કલ્યાણકારી તિર્થંકર દેહ પણ એજ ધર્મ ધ્યાનના પ્રભાવથી પામવું એ આ દેહમાં તો સુલભ છે. તો પછી પ્રમાદ શા માટે **લાલન** તું કરે: **जाइ जरा मरण सोग पणासणस्स कल्लाण पुल्खल विसाल सुहा वहस्स को देव दाणव नरिंद गणच्चिअस्स धम्मस्सार मुवलम्भ करे पमायं** માટે તારે તોઃ—

महता पुण्यपण्यने क्रीतेयं कायनौस्त्यया, ।

पारंदुःखोदधे र्गन्तुं तर यावन्न भिद्यते—

ભાવાર્થઃ—મોટા પુણ્યરૂપ નાણાં ખરચી, આ માનવ દેહરૂપ નૌકા તેં ખરીદેલી છે, તો તે આ વખતે ભાગી ન જાય, તેટલામાં દુઃખરૂપી સમુદ્ર તું એ નાવથી તરી જા,-વિલંબ ન કર,-વાટ ન જો,-ઉભો ન રહે.

જવાશે, કારણ કે તે સ્થાન નિર્ભયછે. માટે તેને પામવાને **આનંદના સમૂહરૂપ-ચૈતન્યરૂપ, કર્મમલથીરહિત નિર્લેપ** એવા દેવ કે **શુદ્ધ-આત્માનું** તું ધ્યાન કર કે જેથી તારૂં નિજસ્વરૂપ હમણાં તું ઓળખી શકે*.

॥ इति प्रथम पद ॥

પદ ૨ જું—રાગ વેરાવલ એકતાલી

रे घरियारी बाउरे,
मत घरीय बजावे;
नर सिर बांधत पाघरी,
तुं क्या घरीय बजावे. ॥ रे० १ ॥

---

*ઇડ, ભ્રમરીનું ધ્યાન કરતાં જેમ અત્યંત ભયને પામી, ભ્રમરીરૂપ થઇ જાય છે, તેમ **લાલન**નો જીવ, પરમાત્માના ધ્યાનમાં અત્યંત પ્રીતિથી પરમાત્મરૂપ થાય. જેમ અત્યંત ભયથી ઇડ પોતા સિવાય સર્વેને ભૂલી ભ્રમરીરૂપ થાય, તેમ અત્યંત, પ્રીતિથી, સર્વ પરવસ્તુને ભૂલી પરમાત્માના સ્વરૂપને પમાય.

હાલ અમેરિકામાં દ્રવ્યે વસતા **લાલન** પૂર્વે જેમ તારી સ્ત્રીમાં વિષયાશક્ત થઈ, તેને જેવું દ્રઢાલિંગન કરતો હતો, તે તે વખતે બીજી સઘળી વસ્તુઓમાં આશક્તિ કાઢી નાંખતો હતો તેમ આ **શાંત સ્વરૂપ આત્માને** દ્રઢાલિંગન કરી પરવસ્તુની આશક્તિ છોડી દે.

ધ્યાન બે પ્રકારે થઇ શકે છે:—એક તો જે આત્મા, પોતાનું સ્વરૂપ ધ્યાનદ્વારા પામ્યા હોય,-પામતા હોય કે પામવાના હોય, તેના સ્વરૂપમાં, ચિદાકાર વૃત્તિ કરવાથી, એ ધ્યાનને સાલંબન ધ્યાન કહે છે. એટલે વાટરૂપ **લાલન**નો જીવ દીપરૂપ **પરમાત્માનું** આલંબન લેતાંલેતાં

ભાવાર્થઃ—હે ભોળા ઘડીયાળી તું ઘડી ન વગાડીશ. કારણ કે પુરૂષો માથા ઉપર, પાઘડી બાંધી એવું સૂચવે છે કે, **પા-ઘડી** એટલે ઘડીએકનો ચોથો ભાગ અને તું આખી ઘડી થતાં શું વગાડે છે?

પોતે દીપરૂપ બની જાય છે. તેમજ બીજો પ્રકાર એવો છે કે, પોતાના શુદ્ધ ચૈતન્યને નિર્લેપ-કર્મમલથી નિર્લેપ ચિંતવી એટલે જ્ઞાનરૂપ-દર્શનરૂપ-ચારિત્રરૂપ-આનંદરૂપ-વીર્યરૂપ-ચિંતવી, તેમાં તદ્રૂપતા કરવી એને નિરાલંબન ધ્યાન કહે છે. આમાં ધ્યાતા ધ્યાન પોતેજ છે; એટલે લાકડે લાકડું ઘસવાથી અગ્નિ ઉત્પન્ન થાય એટલે પોતપોતાનું સ્વરૂપ વારંવાર ચિંતવવાથી નિજ સ્વરૂપ પ્રગટે. ગુપ્ત અગ્નિ જેમ એ બેઉ લાકડામાંથી મથન કરતાં બહાર આવે, તેમ આત્મ વિચાર પોતામાં રહેલા શુદ્ધ ચૈતન્ય ભાવપર કરતાં કરતાં ગુપ્ત રહેલાં અનંત જ્ઞાન-અનંત દર્શન-અનંત આનંદ-અનંત વીર્ય પ્રકાશ પામે.

એટલે આ જે જણાય છે તે મારૂં સ્વરૂપ નહીં પણ **જેથી** જણાય છે તે, **ज्ञान** છે. અને તે **ज्ञान** તેજ **सोहं** છું. તેજ મારૂં શુદ્ધ સ્વરૂપ છે. જેમ આંખનું કામ દેખવું છે. એટલે તે આ બંગલામાં સર્વ પદાર્થોને આ બંગલાને-આ અજવાળાને-અને પેલા અંધારાને પણ દેખે છે. તેમજ હું સર્વેને દેખનાર છું. **दर्शन** એજ **सोहं** છું. જે દ્રશ્ય છે તે નહીં. આ અનંત વિશેષો જેથી જણાઇ રહ્યા છે એ **साकारोपयोग** એટલે **ज्ञान** તેજ હું. અને અનંત વિશેષોમાં નિરાકારરૂપ થતો **सामान्य उपयोग मात्र** તેજ **दर्शन.** અને તેજ **दर्शन**રૂપ **सोहं** છું. એમ **साकारोपयोगरुप ज्ञानथी निराकारोपयोगरुप दर्शन**માં અને એ **निराकार उपयोगरुप दर्शनथी साकारउपयोगरुप ज्ञानमां** જે વિલસું છું.-જે રમું છું, તેજ **चारित्र** અને એ **चारित्र** તેજ હું. એમ **આત્મા** છું એટલે **ज्ञान છું, दर्शन छुं, तदुभयमां रमुं छुं**; આવા ધ્યાનને નિરાલંબન ધ્યાન કહે છે.

પરમાર્થઃ—સદ્‌ગુરૂ **આનન્દઘનજી મહારાજ** ઘડિયાળ વગાડનારને જોઇ, ઘડિયાળ વગાડનારની સાથે વાત કરતાં લોકોને ઉપદેશ કરે છે. **ગુરૂજી** ઘડિયાળ વગાડનારને કહેછે. ગાંડા ઘડિયાળ વગાડનાર તું ઘડી ન વગાડીશ. કારણ કે બધા પુરૂષો તો પાઘડી-ઘડીનો ચોથો ભાગ માથે બાંધે છે અને પાઘડી બાંધી એમ સૂચવે છે કે પા ઘડી

આત્મારૂપ સ્ફટિક રત્નમાં શરીર જે ડાંક જેવુ દેખાય છે. અને લીધેલા કષાયાદિના રંગો ડાંકને લાગી હું શુદ્ધ નિરંજન હોવા છતાં મને રંગ બેરંગી દેખાડે છે. માટે તેવો મિથ્યા આરોપ ન થાય માટે એ ડાંકને અને મનને શુભ-ધવલ ધર્મ ધ્યાન-કે શુદ્ધ-નિર્મળ શુકલ ધ્યાનમાંજ રાખું કે, ડાંકના રંગમાં મારો આરોપ ન થઈ જાય,

વિશેષસૂચન—સર્વ માનવ કુટુંબ જનોએ આ પદરત્નને રોજ પ્રભાતમાં ખૂબ ધીરજથી ગાવું. ગાતાં ગાતાં ધીરજથી, હળવે હળવે તેનું અર્થ ચિંતવન કરવું. અને અર્થ ચિંતવન એટલી ધીરજથી કરવું કે, તેની છાયા-તેની ખુમારી-આખા દિવસના વ્યવહારમાં પરોવાઇ રહે. આમ પ્રથમ ગાનપૂર્વક વાચન, પછી અર્થ ચિંતવનરૂપ મનન, અને ત્યાર પછી વ્યવહારમાં પણ તેના ઉપયોગરૂપ નિદિધ્યાસન. એમ ત્રણે કાળ પૂર્વક આ પદામૃતનું પાન થયું તો ખચીત આ ભવમાંજ અલ્પ કાળમાં આત્માનુભવરૂપ જ્ઞાન પ્રકાશ પામશે.

નિચોળ સદ્‌ગુરૂ **આનંદઘનના** જગાડવાથી કંઇક જાગેલો **લાલન** કંઇ, સાવધ થતો આંખ ચોળી ઉઠી ચેતતો, **આનંદ** પામતો. પોતાનું યથાશક્તિ સ્વરૂપ, અનુભવ તો આ **આનંદનંદન** જૂએ છે તો પોતે **લાલન** નથી, **ઈંદ્ર** નથી, **ચંદ્ર** નથી, **નાગેંદ્ર** નથી, **મુનીંદ્ર** નથી, **રાજા** નથી, **રાણો** નથી, **શાહ** નથી, **બાદશાહ** નથી; **શેઠ** નથી, **સાહુકાર** નથી, કારણ કે એ તો બધા કર્મ પુદ્ગલના રચેલા દેહો છે. પરન્તુ હું તો **લાલનમાં** રહેલું **જ્ઞાન** જેમાં **લાલન**, ઈંદ્રાદિ બધા દેખાય છે તે **જ્ઞાન**

એટલે ઘડીના ચોથા ભાગ જેટલું "માત્ર" જીવવું છે અને તું આખી ઘડી વગાડે છે. તેથી તેઓ ભય પામશે. માટે તું ઘડી શું જોઇને વગાડે છે.

આ ગાથામાં વ્યંગાર્થે એવો છે કે, જે સુકૃત કરવાનું હોય, અથવા તારૂં સ્વરૂપ સમજવું હોય તો તે તુરત કરી લે. તેનો વિલંબ કરીશ મા. પુરૂષો માથે પાઘડી બાંધીને ફરે છે એટલે એમ સૂચવે છે કે એનને ઘડીનો ભરૂસો નથી. અને સુકૃત કરવાનું રહી જશે. અથવા નિજ સ્વરૂપ નહીં સમજાશે તો પાછળથી પસ્તાવું પડશે. આ ઘડિયાળી તો આખી ઘડીને ઘડી વગાડયે જાયછે. મતલબ કે પાઘડીને બદલે ઘડિયો ચાલી જાયછે. હે પ્રમાદવશ પડેલા ચેતન તું ચેત, અને પ્રમાદને છોડી સ્વસ્વરૂપની પ્રાપ્તિ થાય તેવો ઉદ્યમ હમણાં કરી લે. ઘડિયાળીને ઘડી વગાડવાને ના કહી, અને પાઘડી પણ સુકૃત કર્યા વિના અથવા સ્વસ્વરૂપમાં રમણ વિના જવાબ ન દેવી એવું હું તને કહુંછું.

નિયોળ:—લાલન-ઘડી ઘડી કરતાં કાળ વધતો જાય છે, તેમ તેમ તું મરણને નજીક આવતો જાય છે માટે દેહભાવથી, બહિરાત્મ-

---

સ્વરૂપ છે. ઘડી, પળ, પ્રહર, દિવસ, પક્ષ, માસ, વર્ષથી તું મપાય તેમ નથી. તું એ સર્વ કાળ દ્રવ્યના પર્યાયને માપી રહ્યો છે. તું તે કાળના પર્યાયનો **જ્ઞાતા** છો. કારણ કે તું **જ્ઞાનરૂપે** કોઈ કાળે નહીં હતો એમ નહોતું દ્રવ્યે **શાશ્વતો** છો—**અમર** છો, માટે આ ઘડિયાળી જે ટકોરો વગાડી તારા **લાલન** દેહમાં કેટલાં વર્ષ, તારા માનવદેહને યોગ્ય કર્મને લીધે, થયાં તે તારાં નથી દેખાડતો પણ દેહનાં દેખાડે છે. માટે એવાં દેહરૂપ કર્મો પરદ્રવ્યનાં મોહથી થયાં તે પરદ્રવ્યમાંથી નીકળી જે **જ્ઞાનમાં** એ દેખાય છે, તે **જ્ઞાનમાંજ** તું સ્થિતિ કરી રહે. એટલે ભવો ભવના ફેરા મટી, **અક્ષય**, અને **અનન્ત** બોધરૂપ—**જ્ઞાનરૂપ** બની રહેશેજ.

ભાવથી જેતું ઘડી ઘડી મરી નાશ પામી રહ્યો છે, તો તારામાં રહે-લા, શુદ્ધ આ **ચૈતનને** ઓળખી લેવામાં વાર ન કર કે, જેથી તું **મરણને** વશ કરનાર પુદ્ગલ ભાવને મૂકી **અમર** એવા શુદ્ધ ચૈતન્ય–ભાવને અક્ષય સ્થિતિને–સાદિ અનંતત્વને પામે. માટે આ ઘડી ઘડીથી વીતતો કાળ, કર્મ પદ્ગલની ગણતરી કરેછે, તે તું નહીં. તારે **કાળ** ગણવો હોય તો તે બીજી રીતે ગણાય. અને તે **કાલને** જાણનાર **જ્ઞાન મય** છે તેજ તું છે. તું શુદ્ધ ચૈતન્ય કાલથી મપાય તેમ નથી. પરન્તુ કાલને તું માપે છે. કાળ એ ક્રિયા કે કર્મની ગતિમાં ઉપચારરૂપ છે, અને તેથી ક્રિયા, કર્મ, અને કર્મનાં પરિણામરૂપ આ પુદ્ગલો ગણાય, પરન્તુ એ ક્રિયાનો **કર્ત્તા** શુદ્ધ ચૈતન્ય પોતાની ક્રિયા સાથે ભૂલથી પોતામાં ઉપચાર કરી લે છે માટે એ ક્રિયા કરનાર ચૈતન્યે ક્રિયાભાવ છોડી પોતાના શુદ્ધ ચૈતન્યભાવમાં રહેતું કે, જેથી ક્રિયા નિવર્તતાં પોતે અક્રિય એવા શુદ્ધ ચૈતન્યને લાગુ ન પાડે. માટે ગુરૂજી કહેછે કેઃ—

केवल काल कला करे,
वै तुं अकल न पावे;
अकलकला घटमें घरी,
गुजे सो घरी भावे. ॥ रे० २ ॥

ભાવાર્થઃ—હે ઘડિયાળી તું જે આ ઘડી વગાડે છે તેતો માત્ર બહારથી કાળની કળા જાણવાની યુક્તિ છે. પરન્તુ દેહમાં જે ન કળાય તેવી કળા (અનન્ત જ્ઞાન, દર્શનાદિની કળાઃ–સાકાર નિરાકારરૂપ આ-ત્મકળા) થયા કરેછે. તેને, તે અકળાને તું જાણી શકતો નથી. અને મને તો તે અકળ કળાજ હવે તો પસંદ થઇ રહી છે.

પરમાર્થઃ—હે ઘડિયાળી, તું પાણીનો વાટકો ભરીને જે કાળનું માપ કહે છે, તે માત્ર તું કાળ જાણવાની યુક્તિ બહારથી[1] જાણેછે. પરન્તુ અંતરમાં જે કાળ જાણવાની કળા છે તેની તને ખબર પણ નથી, આ શ્વાસોશ્વાસ **લાલન**માં આવ જાવ કરી રહ્યાછે તે પણ ચૈતન્યનો-આત્માનો-જ્ઞાનનો દેહ સાથે સંબંધ છે ત્યાં સુધી, તેઓ ચાલ્યા કરેછે. **લાલન**ના આયુષ્યનું બંધારણ **પ્રાણ** વાયુની સાથે સમ્બન્ધ રાખે છે, અને આયુષ્યનું માન પણ શ્વાસોશ્વાસપર હોય છે. આ શ્વાસોશ્વાસનો સમ્બન્ધ આત્મા સાથે છે. તથાપિ શ્વાસોશ્વાસ એ બાહ્ય પ્રાણ છે એટલે આત્મારૂપ ઘડિયાળી આ શ્વાસોશ્વાસરૂપી કાળનું માપ કરેછે. **આત્મા** કંઇ પોતાનું માપ કરતો નથી, અને આ **લાલન** બિચારો, અત્યાર સુધી પોતાનું માપ સમજી જતો હતો. માટે શ્વાસોશ્વાસનું માન આત્મા કરે, તે આત્માથી કળાય, પરન્તુ આત્માની કળા તો **અકળ** છે. તેનું માપ કોઇથી થાય નહીં. કારણ કે તે **અનંતજ્ઞાનાદિ** રૂપ છે. શ્વાસોશ્વાસરૂપ ઘડિયાળનો કાળ કળાય છે, પરન્તુ આત્મારૂપ ઘડિયાળી અકળ છે, તે **અકળકળા**વાળા, આત્માને તું જાણતો નહોય તો **લાલન** તું જાણ કારણકે **મને** તે અકળકળાવાળા ઘડિયાળી આત્માની, કળાજ પસંદ છે. અને હવે તને પણ સાદિ અનંત સુધી, એજ કળા પસંદ હો.

લાલન, તું જોતો ખરો સાડત્રીસ, સાડત્રીસ, વરસ થયાં, જેમ બકરાના ટોળામાં સિંહનું બચ્ચું આવી પડે તેમ **સિંહ**-સાવક તારૂં શરીર આ ભૂમંડળપર દેખાયું. ત્યાર પછી ૩૬૦ ને ૩૭ ગુણીએ એટલી વખત સૂર્યો ફર્યા. અર્થાત તારૂં શરીર કેટલી વખત પૃ-

---

૧ વ્યવહારથી વર્તનારૂપ હોવાથી આરોપ માત્ર.

ઘડીપર હાલ રહ્યું, તેની સૂર્ય રૂપ તારા કલાકે- મહેતે નોંધી રાખી તો તું બીજા ઘેટાની સાથે એમ સમજ્યો કે **મને** સાડત્રીશ વર્ષ થયાં, જરા ગુરૂએ આપેલી કુચીથી જોતાં માલમ પડી ગયું કે, તારા દેહનો કાળ પણ સૂર્યથી એટલે વર્ષોથી ન ગણાય, તારા શ્વાસોશ્વાસથી ગણવોજ જોઇએ. કારણકે તું જે બાહ્ય પ્રાણ બાંધે છે, તે શ્વાસોશ્વાસની સંખ્યાપર છે. સૂર્યની ગતિપર નથી. અને તારા ધર્મ ધ્યાનમાં રહેતા મનવડે એ પ્રાણને શ્વાસોશ્વાસને ધીમે ધીમે લેતો, તું વધારે કાળ પણ રહે. અર્થાત વર્ષ તારા દેહને માપી શકે નહીં પણ શ્વાસોશ્વાસ માપી શકે. હવે તારા શ્વાસોશ્વાસ પણ તારા મનથી ગુરૂથી દેખાડેલ રાજયોગથી વશ કરી શકાય છે. પરન્તુ એ પણ તારા બાહ્ય પ્રાણ છે. તો હવે તો તારા અંતઃપ્રાણ, જે જ્ઞાનાદિ છે, તેનીજ સાથે તું ઐક્યતા કર કે જેથી અક્ષયસ્થિતિ પમાય.

અરે ઓ **લાલન**, આતે તને કેવો વિપર્યાસ હતો કે આ સૂર્યની ગતિનો દ્રષ્ટા તેમજ શ્વાસોશ્વાસરૂપ ઘડી પણ તું વગાડી તારા દેહનો કાળ માપનારો તેથકી **અલગ** જ્ઞાનાદિ અકળ કળા વાળો; તે સકળ કળાવાળા બાહ્યપ્રાણને સૂર્યની ગતિથી પામતા છેતરાયો! પરંતુ ગુરૂ દેવ-કૃપાથી એ ભૂલ હવે ગઇ તો હવે અકળ કળાવાળા આત્માની કળાનેજ પસંદકર એટલે જ્ઞાનાદિ ધર્મરૂપજ રહે.

आतम अनुभव रस भरी,
यामे और न मावे;
आनंदघन अविचल कला,
विरला कोइ पावे ॥ रे० ॥ ३ ॥

ભાવાર્થઃ—આત્મારૂપ ઘડીમાં અનુભવરૂપ અમૃત રસ ભરેલો છે, અને તેમાં બીજું કાંઈ સમાય તેમ નથી, **આનંદઘનજી મહારાજ** કહેછે કે એની ન ચળી શકે એવી કળાને કોઇ કોઇ વિરલા પુરૂષ સ્ત્રિયોજ પામી શકે છે.

પરમાર્થઃ—આત્મા પોતાના અનુભવરૂપ રસથી ભરેલો છે. એ અનુભવમાં વસ્તુ વિચાર એટલે, જડ તે જડ અને ચૈતન્ય તે ચૈતન્ય રૂપ જણાઇ એ ઉભયને જાણનારજ પોતે એવું અનુભવે છે. એવી નિશ્ચય પ્રતીતિ થાય છે. આમ થયું કે, મન પણ વિશ્રાંતિ પામે છે, પોતાના સ્વરૂપ જાણતાં જે સુખ ઉપજે એ અપૂર્વ સુખનું નામજ અનુભવ છે.

લાલનના બંધુવર્ય **બનારશી** પણ અનુભવને એમજ વર્ણવે છે:—

वस्तु विचारत ध्यावते,
मन पामे विश्राम;
रस स्वादत सुख उपजे,
अनुभव ताको नाम.

વસ્તુ તે જડ ચૈતન્યરૂપ તેનો વિચાર કરતાં મન વિશ્રાંતી પામે અને પોતે **શુદ્ધ ચૈતન્ય** છે એવું જ્ઞાન થયા પછી આત્મા **પોતાના આનંદમાં** (નિજાનંદમાં) લીન થાય ત્યારે જે સુખ ભોગવે તેનું નામ **અનુભવ,**

આત્મામાં પરિપૂર્ણ રીતે **અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત વિર્ય** અને **અનંતસુખ** એ રૂપ રસ ભરેલો છે. તેમાં વિષયાદિ બીજા રૂપ કેમ સમાય ? આત્મા પોતાનાં જ્ઞાનવડે વિષયાદિને ભેદી

જાય છે. હવે એ વિક્ષેપોને દૂર કરે તો જણાઇ આવે કે **સુખ** હતું તે પોતે હતું પણ વિષયો નહીં હતા. **લાલનમાં** રહેલો આ **ચૈતન્ય કેવો સુંદરછે** અને તે સુંદરતાને આ સુવર્ણની વીંટીમાં બાહ્ય પ્રગટ કરવા જાયછે. પરન્તુ જો એ સુંદરતા મારામાં ન હોય તો તેમાં પ્રગટ પણ કેમ કરે. હવે એ વીંટી જાય તો પણ મારી સુંદરતા હું અનુભવુંછું; તેમજ ખરી મીઠાશ પણ હું છું, કાંઇ મોદક નથી. એ મારા આસ્વાદમાં બીજો રસ પ્રવેશ કરી શકેજ નહીં. આ આત્માની અગમ્ય કળાને કોઇ વિરલા સ્ત્રી પુરૂષોજ–ભાઇ બહેનોજ પામી શકે છે. એમ ગુરૂ મહારાજ **આનંદઘનજી** કહે છે.

અથવા ગુરૂજી એમ સૂચવે છે કે, જગતની નશ્વર એવી કળાને ઘણા જણ જાણે છે, પરન્તુ આત્મની કળાને વિરલા જાણે–અનુભવે છે.

જેમ એક નાટકની રંગ ભૂમીપર જુદા જુદા દેખાવો આવે ને નાટારંભ થાય. તેમ મારી સમક્ષ આ ભૂમંડળરૂપ નાટકશાળામાં અનેક દેખાવો **હું જોતો બેઠો છું** બાળ-કિશોર-યુવાન **લાલનને** જોયો. પુત્ર પિતાના નાટક ભજાવતો જોયો, પતિનો ભાગ ભજાવ્યો. ગુરૂ શિષ્યનો, શ્રાવકનો, વણિકનો, મનુષ્યનો ઇત્યાદિ વેશ પેર્યા, ભજાવ્યા; વખણાયો, વખોડાયો, પરંતુ આટલા આટલા વેશોમાં ને પડદાઓમાં ને ભજાવણીમાં ફેરફર થયો પરન્તુ જોનાર તું તો તેજ છે. આને આ બનાવો સાથે જો એકતા નહીં કરીશ તો, જે જ્ઞાન દર્શન રૂપ છે, તેનોજ તું આસ્વાદ લહ્યા કરીશ. ગુરૂજી આગળ કહેશે કે.

केवल कमला अप्सर सुंदर गान करे रस रंग भरीरी. રસ રંગ ભરીરી–રસ રંગ ભરીરી–ગાન કરે રસ રંગ ભરીરી–ભરીરી-અપ્સર સુંદર,–ગાન કરે રસ રંગ ભરીરી. કેવળ કમલા,–અપ્સર સુંદર ગાન કરે–રસ રંગ ભરીરી.

પદ ૩. રાગ વેરાવળ.

जीय जाने मेरी सफल घरीरी,
सुत वनिता धन यौवन मातो;
गर्भ तणी वेदन विसररी ॥ जीय ॥ १ ॥

ભાવાર્થઃ—આ સંસારમાં છોકરાં, સ્ત્રી, પૈસો અને જુવાનીના મદમાં આંધળો થએલો અજ્ઞાની મૂર્ખ જીવ તું એમ જાણતો હોઈશ કે તારો દહાડો-આ મનુષ્યનો જન્મારો સફળ થઈ ગયો. પરન્તુ યાદ તો કર કે જન્મારો લેતાં પહેલાં નવ માસ સુધી માતાના ગર્ભમાં ઉંધે મસ્તકી લટકી કેવાં કેવાં દુઃખો તને વેઠવાં પડયાં છે? શું એ બધાં દુઃખો તું ભૂલી ગયો?

પરમાર્થઃ—નવ માસ જ્યારે **લાલન**નો જીવ માતાના ઉદરમાં ઉંધે મસ્તકે રહી જે કષ્ટ પામતો હતો અને ત્યારે એવા વિચાર કરતો હતો કે મ્હારો જન્મ થાય ત્યારે ધર્મ ધ્યાન-શુક્લધ્યાનનું સ્મરણ લઈ, આ વારંવાર જન્મ લઈ, આવા દુઃખો સહન કરવાની પીડામાંથી છુટું. પરન્તુ ગર્ભમાંથી બહાર આવતાં કંઈક નાણું મળ્યું. વળી યુવાવસ્થા આવી, વળી પુત્ર થયો, આ એક એક મદનો કેફ ચડતાં ભૂલાયું તો બધાના કેફથી **લાલન** વિસરી ગયો. શું વિસરી ગયો? ગર્ભમાં થએલી અત્યંત અકથ વેદના અને તે વખતે જન્મ થતાં શુભ ધ્યાનમાં રહેવાનું તે બેઉ.

सुपनको[1] राज साच करी माचत,
राचत छांह गगन बदरीरी;

૧ 'શીવ' કૃત સ્વપ્નુ પામે.

आइ अचानक काल तोपची
गहेगो ज्युं नाहर बकरीरी ॥ जीय ॥ २ ॥

ભાવાર્થઃ—અરે અજ્ઞાની જીવ સ્વપ્નમાં કલ્પેલા રાજને સાચું માની તું મચી રહ્યો છે; અને આકાશના વાદળાંની છાયા, જે ક્ષણિક છે, તેમાં તું રાચી રહ્યો છે. અને જાણુતો નથી કે કાળરૂપી તોપદાર તને ચેતાવ્યા વગર તોપે બાંધશે. અને એવી રીતે પકડશે કે જાણે બકરીને ફાડી ખાનાર નાહર પકડ્યો.

પરમાર્થઃ—કોઇ માણસને સાઠ કે સિત્તેર મિનીટ એવું સ્વપ્નું આવે કે હું રાજા છું. અને એ સ્વપ્નામાં પડેલો મને સ્વપ્ન છે એમ જાણુતો નથી, તેથી સાચું માની એ રાજસુખમાં મચી રહે છે. તેમ અજ્ઞાની જીવ મૂર્ખ લાલનને પડેલાં જેમ એક રાતમાં સાઠ મિનીટનું સ્વપ્નુ હતું તેમ અનંત જીવનમાં આ એક જન્મ તે સાઠ સિત્તેર મિનીટની પેઠે સાઠ સિત્તેર વર્ષનું સ્વપ્નું છે. અને જેમ નિંદ્રા કાળમાં આવેલા સ્વપ્નામાં દેખાતા રાજના સુખમાં સૂતેલો જીવ મચી રહે છે તેમ મિથ્યાત્વ નિંદ્રામાં સૂતેલો જીવ, આ પરવસ્તુના ધણીપણાના રાજસુખને ખરૂં માની તેમાં મચી રહ્યો છે. પરન્તુ સૂતેલો જીવ જાગે કે સાઠ સિત્તેર મિનીટનું સ્વપ્નાનું રાજ્ય ચાલ્યું જાય, તેમ બહિરાત્મા ભાવ કે મિથ્યાત્વ ભાવમાં સૂતેલો જીવ સાડત્રીશ વર્ષના સંસારરૂપ સ્નપ્નાના રાજને અને તેના સુખને અંતરાત્મા ભાવમાં કે, સમ્યકત્વ ભાવમાં જાગૃત થતાં ખોટાં સમજે. પરન્તુ જે માનવ બાંધવો કે દેવભાઇઓ—કે કોઇ જીવ બાંધવો પોતાના શુદ્ધ ચૈતન્યનેજ હું જાણુતા નથી. અને આ દેહને સંસારને પર જાણુતા નથી. તે જેમ સ્વપ્નાના રાજસુખમાંજ મચી રહ્યા છે, તેમાં સાચું કંઇ નથી. કદાચ

હમણાં નહીં તો સમ્યક્ત્વ ભાવરૂપ જાગૃતિ આવી કે આ વાત જેવી છે તેવી તેઓને સ્વપ્નામાંથી જાગૃત થનારની પેઠે જણાઇ રહેશે.

વળી જેમ આ સંસારના સુખ તે સ્વપ્નાના રાજ સરખું જણાવ્યું તેમ આ સંસારની સર્વે રચનાને આકાશમાંના વાદળની છાયા સાથે સરખાવે છે, એટલે આકાશમાંના વાદળાંને જરા પવન આવ્યો કે, તે બિચારૂં ક્યાંને ક્યાં વિખરાઈ જાય છે તેમ મનુષ્ય દેહ અને તેનો સંસાર મરણરૂપ પવન વાગ્યો કે તે ક્યાંનો ક્યાંએ ઉડી જાય છે, જેમ આકાશમાં પવન અચાનક આવી વાદળાંને વિખરી નાંખે છે; તેમ કાળરૂપી તોપદાર પણ અચાનક આવે છે, અને જેમ નાહર બકરીને પકડે છે, તેમ તેને પકડી લે છે.

अतिही अचेत कछु चेतत नाहि,
पकरी टेक हारिल लकरीरी;
आनन्दघन हीरो जन छांडी,
नर मोह्यो माया ककरीरी ॥ जीय ॥ ३ ॥

ભાવાર્થઃ—અજ્ઞાની જીવ જડની સંઘાતે છે ચૈતન્યરૂપ, પરન્તુ એટલો બધો જડભાવ પામી ગયો છે કે, તે ચેતતોજ નથી, કે હું ચૈતન્યરૂપ છું. જડ ભાવના ટેકે એને પકડી લીધો. તેમાં ચૈતન્ય ભાવની લાકડી કે આધાર તે હારી ગયો, આનંદઘન મહારાજ કહે છે કેઃ—માણસે હીરો મૂકી દીધો અને અજ્ઞાને દેખાડેલા આ પુદ્ગલિક દેહરૂપ કાંકરામાં ભોળવાઈ ગયો.

પરમાર્થઃ—અનાદિ કાળના જડની સંઘાતથી ચૈતન્ય તદન જાણે અચેત એટલે જડ જેવોજ થઇ ગયો જણાય છે. અને પોતે ચૈતન્ય

હોય એવું જાણુનોંજ હોય એવું જણાતું નથી. ખરેખર, જીવે જડ ભાવની ટેક પકડી લીધી છે, તેને લીધે ચૈતન્ય ભાવની લાકડી કે, આખાર હારી ગયો જણાય છે, આનન્દના સમૂહરૂપ ચૈતન્ય ભાવરૂપી હીરો, માણુસે મૂકી દીધોછે, અને અજ્ઞાનથી આ કાંકરારૂપ જડદેહમાં મોહી ગયો છે.

૧ જડની સંઘાતે અચેતનરૂપ કેમ થઇ ગયો છે, ? કંઇ પણુ અચેતન એવા દેહને થાય તો પોતાને થયું એમ સમજે છે પરન્તુ વડિલ બંધુ ગજસકુમારની પેઠે જે બળે છે તે દેહ બળે છે એવું સમજતો નથી. જડદેહ, બાળ, યુવાન, વૃદ્ધ થાય તો પોતે બાળ યુવાન કે વૃદ્ધ થયો એમ સમજે છે, પરન્તુ એમ નથી જાણુતો કે હું ચૈતન્ય અરૂપી, બાળ, યુવાન કે વૃદ્ધ થતો નથી. દેહ, કાળો, લાલ, કે ધોળો હોય તો પોતે એમ કહે કે હું કાળો છું, લાલ છું, ધોળો છું, ગોરો છું. પરન્તુ ચૈતન્ય અરૂપી કાળો, ધોળો, ગોરો, હોઇ શકે નહીં. આમ જડદેહની સંઘાતે પોતે જડના સંસ્કાર પોતામાં આરોપ કરે, કેટલાક અર્ધ દગ્ધ કોઇની પાસે સાંભળીને વા શીખીને જીવતા ફોનોગ્રાફની પેઠે મને એમ કહે છે કે, "અમે શું નથી સમજતા કે ચૈતન્ય અરૂપી છે ?" તેને હું છાતી ઠોકીને કહુંછું કે, ઉપયોગના સમય વિનાના બધા કાળમાં તમે અરૂપી ચૈતન્ય છો એવો ભાવ રહેતો નથી અને જેટલી જેટલી વાત વા વિચાર રાત્ર દિવસ ચૈતન્ય ઉપયોગ વિના બોલાય છે વા થાય છે તેટલી જડભાવની સાથે એકતા પામી ગએલા ચૈતન્યથી થાય છે, એટલે પોતે નથી તે પોતે વિચારાય છે. અને ખોટું બોલાયછે. મનોવર્ગણા અને ભાષાવર્ગણા વગેરેના પુદ્ગલો ઉપયોગવિના અશુદ્ધતા પામી આચ્છાદન કરતા જાય છે. અસત્ય મનોયોગ, અસત્ય વચનયોગ, અને અસત્ય કાયયોગ, ચૈતન્ય

ઉપયોગ વિનાના થઈ અશુભ કર્મ બંધન કરી, પોતાને જેમ, હાથી પોતાના ઉપર ધૂળ નાંખે તેમ આવરે છે, માટે અહીં કહેવું જોઇએ કે, જ્યારે તમે એમજ સમજતા હો, કે તમે ચૈતન્ય છો તો પછી **લાલન**ને કોઇ ગાળ આપે કે લાકડી મારે કે પંપાળે તેમાં ગુસ્સે શામાટે થવું જોઇએ કે ખુશી શા માટે થવું જોઇએ ? પરન્તુ એવો ઉપયોગ હોય ત્યારેજ તે ચૈતન્યરૂપ કહેવાય અને ઉપયોગ ન હોય ત્યારે **અચેતનરૂપ** કહેવાય એમ સદ્ગુરૂજી **આનંદઘન**, **લાલન**ને કહે છે તે યથાર્થ છે, કર્તવ્ય છે કે, ચૈતન્ય ઉપયોગ વધારવો, એ ઉપયોગ વિશેષ થાય તેવા ગ્રંથોનું શ્રવણ યા વાંચન, ત્યાર પછી અનુપ્રેક્ષણ એટલે મનન કરી, પોતાને લાગુ પાડતા પાડતા એટલે નિદિધ્યાસન કરતાં કરતાં **અનુભવ** પણ થશેજ.

ઉપસંહાર—ચૈતન્ય ભાવનો ઉપયોગ અનુભવ ન થયો હોય ત્યાં સૂધી એક, બે, ત્રણ, ચાર, પાંચ કે દશ ઉદાહરણો યાદ રાખવાં, અને જે જે મન, વચન, અને કાયા સમ્બન્ધે બનાવો બને ત્યારે પોતાને લાગુ પાડતા જવા. એટલે તેજ વખતે નિર્જરા થતી જશે. અને કાયા, વચન, મન, સત્યયોગ પ્રવર્તતા જણાશે. ઉદાહરણઃ— (૧) હું સુવર્ણ છું, અને સુવર્ણ જેમ ખાણમાં નીકળતી વખતે, માટી ભળેલી હોય, તેમ મારામાં પણ માટી ભરાઇ હોય એમ જણાય છે. તો એ માટીને દૂર કરવી એ મારૂં કામ છે. એ માટી હું એવો ઉપયોગ ભૂલતા જવો, અને સુવર્ણ હું એવો ઉપયોગ રાખી મન, વચન, કાયાને પ્રવર્તાવવાં એટલે તે પણ પ્રથમ શુદ્ધ અને પછી શુદ્ધ સ્ફટિકરૂપ થતા જશે.

ઉદાહરણ બીજું:–હું ચૈતન્ય એટલે, સ્વરૂપ છું, અને આ દેહ તે વ્યંજનરૂપ છે, જેમ સ્વર વિના વ્યંજનનો ઉચ્ચાર સ્પષ્ટ થતો નથી,

તેમ ચૈતન્ય વિના દેહ ચાલી શકતો નથી. જેમ સ્વરને લંબાવિયે તો લંબાયાજ કરે કોઇ દિવસ છેડોજ ન આવે, પરન્તુ વ્યંજન તો એકજ વખત બોલાય, તે પણ બહુજ ધીમેથી તેમ ચૈતન્ય અનાદિ કાળ સુધી સાથેને સાથે ચાલે, પરન્તુ શરીરથી એક વખત રહી પછી બીજી વખત સાથે અવાતું નથી અને એ વ્યંજનરૂપ શરીર હરેક વખતે છોડી દેવાય છે. જેમ ફીરૂપ વ્યંજનને સ્વર છે એમાં ફીને લંબાવિયે તો; ફ બોલાઇ પછી ઇ-ઇ-ઇ-ઇ એમ ચાલ્યાજ કરશે તો ઈ જેમ ફીમાં શાશ્વત છે તેમ મનુષ્ય શરીરમાં પણ, ચૈતન્ય શાશ્વત છે. પરન્તુ ફરૂપ શરીર શાશ્વત નથી. શરીર આવું હાલતું ચાલતું દેખાય છે એ પણ ફમાં ઇ હોવાથી એમ સ્પષ્ટ બોલાય છે એમ ચૈતન્યની સત્તાથી, માટે આપણે દેહભાવને હથિયારરૂપ ગણી પોતાને ચૈતન્યરૂપ ગણવું અને એ હથિયાર શુભમાર્ગે ઉપયોગમાં લગાડવું. પરંતુ એ શુભમાર્ગે લાગેલા હથિયારને પણ પોતે હું હથિયાર છું એમ ન સમજવું.

ત્રીજું ઉદાહરણઃ—ચૈતન્યરૂપ પારણામાં શરીરરૂપ બાળક ઝુલે છે.

ચોથું ઉદાહરણઃ—ચૈતન્યરૂપ પ્રકાશની સત્તાથી, આ લોકાલોક દેખાઇ રહ્યા છે.

સ્વપ્નમાં પણ કોઇ દીવો નથી છતાં બ્રહ્મરન્ધ્રમાં જે પ્રકાશિત પદાર્થ છે, તેને લીધે નાના પ્રકારના પદાર્થો દેખાય છે, પરન્તુ ત્યારે પણ ચૈતન્ય તે પ્રકાશને સત્તા આપે છે તેમ જાગ્રતમાં પણ ચૈતન્ય તે સૂર્ય પ્રકાશને પણ જ્ઞાનરૂપે સત્તા આપે છે અને તે વડે સર્વે પદાર્થોને દેખે છે.

આમ જે ઉદાહરણ ચૈતન્ય ભાવ ઉપર રાખી અચેતન ભાવ—

જડભાવ-દેહભાવ-બહિરાત્માભાવ છોડવે તેમ આત્માર્થીએ વર્તન કરવું જોઇએ.

અચેતન એવા દેહની સઘાતે થયું એમ કે, એ દેહભાવની ટેવ એવી પડી ગઈ કે જાણે ચેતનભાવનો જે ખરો આધાર એવી લાકડી હારી જવાય છે.

૨. ઉપસંહાર, ચૈતન્ય આનન્દઘનરૂપ છે એટલે આનન્દના સમૂહરૂપ છે. આ જગતની સર્વ વસ્તુ એના પ્રકાશથી દેખાઇ રહી છે, તેમજ એ ચૈતન્ય પોતે આનંદરૂપ છે, અને એ આનંદની આભા જગતના "પદાર્થો" ઉપર પડી તે રમણીય દેખાય છે. જેમ મારા હાથમાં વીંટીવડે તે મારી સુંદરતાને બહાર પ્રકાશ કરવાનો પદાર્થ છે. જો હું ઠીક ન હોઉં તો તે સુંદર નથી, તેમજ સુખ-અવ્યાબાધ સુખરૂપ હું છું, કારણ કે સર્વે પદાર્થોને મારા જ્ઞાનાનંદ-દર્શનાનંદમાં જાણી દેખી રહ્યો છું.

વળી જેમ હીરાને કાચમાં તફાવત તેટલો દેહને ચૈતન્યમાં તફાવત. પરંતુ હીરાવડે કાચની કિમ્મત થાય તેમ ચૈતન્યવડે આ કાચરૂપ-કાંકરારૂપ દેહાદિ છે. તેમાં મોહી જવું ન જોઇએ.

આનન્દઘનરૂપ હીરો માણસે છોડી માયાના કાંકરાંમાં મોહી ગયો.

ચૈતન્ય, અનંત લાભ, અનંત ભોગ, ઉપભોગરૂપ હોવ છતાં આ ભીખારી માણસ લાખ બે લાખમાં ગર્વ કરે છે. અરેરે ! લોભ કરતાં પણ ન આવડ્યો ? તેના ચેતનામાં શું અપ્રાપ્ય છે.

વિ. વિ. સ્વપ્ના વિષે "શિવ" કવિતા.

("શિવ"ને અનુભવ).

આ ઘર કુટુંબ પરિવાર સર્વ સ્વપ્નુ છે,
શહેર દેશ વિશ્વને સૃષ્ટિ બધી સ્વપ્નુ છે. (૧)
ખાવું પીવું પહેરવું બેસવું ને વળી સૂવું;
શિક્ષણ લેવું ને શીખવવું સ્વપ્નું છે. (૨)
નવી નવી જાતના દરદાગીના તે પણ,
કપડાં હીરાને ઝવેરાત સ્વપ્નુ છે. (૩)
સંસ્કૃત, ગુજરાતી લાટિન ને વળી ચીની,
ઈંગ્લીશ મરાઠી સર્વ ભાષા સ્વપ્નુ છે. (૪)
ભૂગોળ રસાયન ખગોળ ને વળી ભૂતળ,
ચિત્રામણ નીતિ વિચાર પણ સ્વપ્નુ છે. (૫)
અદ્વેત, દ્વેત, વૈશેષિક ને વળી સાંખ્ય;
ચાર્વાક જૈનને બોધ પણ સ્વપ્નુ છે. (૬)
હું તું મારાને તારા એ ભ્રાંતિ છે,
શબ્દો વદવા તે પણ વૃથા સ્વપ્નુ છે. (૭)
સૂર્ય, ચંદ્ર અને તારા ગણ જે દેખાય;
પંચ મહાભૂત ને મને બુદ્ધિ સ્વપ્નુ છે. (૮)
ગુણ, રાગ, દાનને માલ, ગાંગ, દેવરાય;
રામ, હંસ, અને શિવ, લલન પણ સ્વપ્નુ છે (૯)
મન, વચ કાયા ને હું અને વળી જગત;
એ સર્વતણા જોનાર વિના સ્વપ્નુ છે. (૧૦)

દ્રવ્ય સમ્યકત્વ.

ચંદ્ર પ્રભુ મુખ ચંદ્રથી, નાઠું મોહ અંધારૂંરે; ટેક.
ચાંદની જોઇને ચકોર આ, ચિત્તસરે બહુ હરખ્યુંરે. ચંદ્ર પ્રભુ. ૧
કાળ, કર્મ, સ્વભાવને, ભાવિ ભાવ એ ચારોરે;
દેખી પુરૂષાકારને, સાચા પણ થયા ઝાંખારે. ચંદ્ર પ્રભુ. ૨
ગૌણ મુખ્ય કરતાં થકાં, આત્મ વીર્ય અતિ ઉલસ્યુંરે;
ચંદ્ર પ્રભુ મુખ પેખતાં, સમ્યકત્વ રત્ન મુજ દીઠું રે. ચંદ્ર પ્રભુ. ૩
આનંદ મંડળ આ નાચતું, ગાતું આનંદ ગીતોરે;
જગ પણ એજ આનંદથી, તાન મધુર સ્વરે લેતુંરે. ચંદ્ર પ્રભુ. ૪
લાલન આનંદનંદનો, વીર પુત્ર સર્વ બંધુરે;
આણ ધ્વજ પ્રભુ કર ધરી, દેશ વિદેશ વિચરતારે. ચંદ્ર પ્રભુ. ૫

ભાવ સમ્યકત્વ.

અથવા

પરમાત્માનુભવ.

(ગઝલ.)

મને કોઇ કે'તું જગત્ ખોટું, તે તો મેં હવે જાણ્યું;
મને કોઇ કે'તું જગત્ સાચું, તે પણ મેં હવે જાણ્યું.
કદિ ખોટું તો મારે શું ? કદિ સાચું તો મારે શું ?
નથી થાતું નથી જાતું, હુંમાં હું સમાયો છું.
અખંડ આસ્થિર જ્યોતિમાં, નથી થાતું નથી

દેશવિરતિ.

(પદ-રાગ ધનાશ્રી)

દેખું જૂઠું હું આજ, જગત્ સહુ દેખું જૂઠું હું આજ. ટેક.
દેહ જૂદી મુજ રૂપ થકી છે, આ સહુ દેહના સાજ. જગત્. ૧
સ્ત્રી, ધન, માતા, પિતા પુત્રની, ઘર કુટુંબ પરિવાર;
એ' પણ દેહના ધાર. જગત્. ૨
હું નહીં જગમાં, જગ નહીં મુજમાં, જગજાળ હું જોનાર. જગત્. ૩
જે કરતો ક્રિયા લાલનમાં, તેને પણ જોનાર. જગત્. ૪

પ્રભુપ્રતિ પુષ્પાંજલિ. સંવત ૧૯૫૯-નવું વર્ષ-પ્રભાત.

(શાર્દૂલ.)

મોટી તે સહુ માતૃ એજ ગણું હું છોટી ગણું પુત્રીઓ;
જે હોયે સમવર્ષમાં મુજતણાં, તેને ગણું ભગિનિઓ.
મોટા તે સહુ પિતૃ ગણું હું છોટી ગણું પુત્રીઓ;
જે હોયે સમવર્ષમાં મુજતણા, તેને ગણું બંધુઓ.
એવી માનવ માત્રમાં મુજ થજો પ્રીતિતણી દ્રષ્ટિઓ;
આ સાલે મુજને પ્રભુ કરી, કૃપા આશિષ એવી દીઓ.

प्रभुप्रति पुष्पांजलि.

(देशी-कडखानी-प्रभात-छंद झुलणां.)

अहो श्रीसुमतिजिन शुद्धता ताहरी, स्वगुणपर्याय परिणामरामी. ए राग.

आज आनंदश्री प्रगटतो मन विषे,
तन विषे वचनमां झलकी रहेतो;
आत्म स्वयंभू रमण समुद्रमां,
पूर्ण पोते रही म्हलकी रहेतो. आज आनंदश्री. १

ज्ञान आनंदथी आलखेलुं जगत,
ज्ञानरूपे अति हुलसी रहेतुं;
दर्शनानंदथी पूर्ण पोते रही,
स्वपर पर्यायने भेटी रहेतुं. आज आनंदश्री. २

एम हुं ज्ञानथी दर्शने राचतो,
दर्शने ज्ञानमां रमण करतो;
तेज चारित्र मुज आत्म क्रिडावने;
रोममां पण अति पुलकी रहेतुं. आज आनंदश्री. ३

भरती रूपे गई वेदना सुखनी,
ओटरूपे असाता गएली;
रातने दिवस ए भूमि उपर थता,
सूर्यमां निशदिन क्यांथी थाती ? आज आनंदश्री. ४

સ્થાનાનુભવ.

(રાગ ઠુમરી. નારાયણુ નરસિંહ નરોત્તમ એ રાહ.)

લોકકે અંત વસે મુજ આતમ,
નૌત્તમ કિર્ણુ અહીં પસરે છે;
સૃષ્ટિ વિષે અતિ સુંદરરૂપ,
નિહાળી સુધારસ અહીં વર્ષે છે.
જ્ઞાન તો રૂપ અરૂપ તો દર્શન,
ચરણ વિષે ઉસરે પલટે છે;
એમ રમણુ કરતો હું લાલન,
રત્નત્રયી મહીં નિત્ય વસે છે.



નવી પ્રસિદ્ધિ.

અધ્યાત્મ માળા.

સવીર્ય ધ્યાનઃ—ભાષાંતરકાર, વી. શા. ગાંધી,
વિવેચક લાલન. ... ... છપાય છે.

શુદ્ધોપયોગઃ—તૃતીયાવૃત્તિ, કિમ્મત દેખવાન ઉપર
એકવાર પણ કરવા. ... ... તૈયાર છે.

આનંદઘન બહોતેરી—વિસ્તાર પૂર્વક વિવેચનસહિત. ૦–૧–૦.

સ્વાનુભવ દર્પણ—ભાષાંતરકાર. મા. વે. વિવેચક લાલન. તૈયાર થાયછે.

અનુભવસિદ્ધિ. ... ... ૦॥

સંક્ષેપ ધ્યાન... ... ... ,,

પૂર્વ જન્મ સ્મૃતિ વિચાર. ... ... થાય છે.

નયકર્ણિકા. ... ... ,,

આશ્ચર્ય માળા... ... ... ,,

રત્ન માળા. ... ... ,,

લાલન કાવ્ય.... ... ... ,,

શીવ કાવ્ય ... ... ,,

સદ્વક્તા—(સભામાં ઉભા રહી છટાદાર ભાષણ
કરવાની રીત.) ૧–૦–૦

ભ્રમણનારદ. ૦–૨–૦

આંતર વેધ...	૦-૧-૦
વિચાર બળથી કાર્ય સિદ્ધિ.	૦-૨-૦
વિચાર સમાગમ.	૦-૨-૦
ધનપ્રાપ્તિ ધર્મ (Gospel of Welth)... ...	હવે પછી.
વિપત્તિ વિજય ઇંગ્રેજી ઉપરથી (Conquest of Poverty)	,,
Emerson viewed an oriental eye. ...	0-3-0
Key to the Esoteric Meaning of Bhagavad-Gita	0-4-0

Gandhi Series as work of Mr. Virchand Raghawji Gandhi, B. A. Barrister. at. law. (published) with Translation by Pandit Lalana.) in preparation.

Is worth living? (Lalana.)

સમર્પણ.

જે જીવ અત્યાર સુધી કર્મના કર્તારૂપે જણાયો, જે અમુક કાળમાં કર્મના ભોક્તારૂપે દેખાયો, અને જે હાલ કર્મના જેતારૂપે અનુભવાય છે તે હૃદયમંદિરમાં વસતો આ જીવ, આ આનન્દઘનની આનન્દપ્રસાદીને કેવળજ્ઞાન, દર્શન, પ્રગટે ત્યાં સુધી [1]આસ્વાદો.

સચ્ચિદાનન્દસદન.
ચૈત્ર શુક્લ દ્વિતીયા.
વીર સંવત ૨૪૨૯

સર્વમાં બંધુભાવે,
આનન્દનંદન;
લાલન.

---

૧. આ વિવેચનપર અનુમતિ મળતાં બેતાલીસ પદોપરનું શ્રી આનન્દઘન બહોતેરીનું પ્રથમ પુસ્તક બહાર પડશે.